टोळकनिबंध

एटले

टोळकिया ब्राह्मणोनी उत्पत्ति विशेनो ग्रंथ.

રચનાર તથા પ્રગટ કરનાર

હરેરા પરોત અમદાવાદના જોશી.

ઉત્તમરામ દુર્લભરામ.



અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ

એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૩૩ ના શાળીવાહન ૧૭૯૯.

१ સૂચના

આ ગુજરાતમાં ઉદીચ ટોળકીયા બ્રાહ્મણોની ન્યાતિ ઘણા ગામોમાં પ-સરેલાં છે, તેમનાં આશરે ૬૦૦૦ ઘરો છે; પરંતુ તેમને ગોત્રોચ્ચાર વગરે પુછીએ છીએ તો અનભ્યાસને લીધે આવડતો નથી ને વળી એક ગોત્રવાળા જુદો જુદો ગોત્રોચ્ચાર કરેછે. ને એમનુ અશલ સ્થાન કયુ. તે કઇ વખતે થયુ. તેની પુરી માહેતી નથી માટે આ સંસ્કૃત ઉપરથી નાહાનાં સરખો ગ્રંથ કર્યો છે તેમાં કંઇ વધારે ઓછું હોય તો માફ કરવું.

આ ગ્રંથ લખવા માટે એ મૂળ ગ્રંથની પ્રતો ૬ મ્હે એકઠી કરી હતી તે મધ્યે પરથમ વિરમગામ વાળા શાસ્ત્રી ગોપીનાથ પાસેથી લખી હતી. બીજી નડીયાદમાંથીહરીશંકર પાસેથી ત્રીજી એ વડોદરમાંથી એક ધોળકામાંથી ને છેલી ખંભાતમાંથી માહારા મીત્ર માહાદેવભાઇ પર-ભરામ પાસેથી જે મળી છે તે પ્રત અશલ છે ને ભરૂસો રાખવા જેવી છે. એ ગ્રંથ સંસ્કૃત છે તેમાંથી ઉપયોગી ને મતલબ વાળાછે મુખ્ય શ્લોકો હતા તે અત્રે દાખલ કર્યા છે બાકીના નકામાં જાણીને લખ્યા નથી.

क्षमा सत्यं धनं विद्या आतिथ्यं यत्र विद्यते सएव कुलिनो ज्ञेयो नान्यकार्येषु तत्पर: गोत्रशाखा वटंकांश्च वेदांश्च प्रवरान् शिवान् गणेशं भैरवंदेवि नवं जानातिवाडव:

वेदनेत्र नवसंमितशाके कार्त्तिके शशितिथौ गुरुवारे

मूलदेव क्षितिपेन द्विजाय स्थानदान कृतमत्रवराय ॥

स्वस्थानकं पंचनदी तटेषु त्रिवेद वेदान्वित मेकमेकं

श्रीश्रे ढिकावेत्रवति महीषु मह्यात्मके साभ्रमती तटेच

पंच काश्यप संजाता भरद्वाजौच द्वौ तथा पौलस्ती सांकृतश्चैव वसिष्टात्रेय संभव: तथा चांगीरसं प्रोक्तं शांडीलंच महोत्तमं

વળી એ ન્યાતી વીશેનો શ્લોક ઘણા જણાએ બોલેછે તે અત્રે દાખલકર્યોછે.

रुद्रालि भरकुंड वाडवपुरि श्रीतिर्थ दर्भावति खेडारारक मुमधा कनका शीशूच मातापुरि गुणहा भोगवती त्रयोदशतया ख्यातामही मंडले श्रीक्षेत्रोत्तरसंड छत्रकपुरं पश्चात् कृतं टोलकै: ॥

વળી બીજો શ્લોક પણ કેટલાક ભણે છે તે શ્લોક વડોદરાવાળા કુબેર શાસ્ત્રીયે કરેલો હોય એમ જણાય છે.

दर्भपुरं ब्रह्मपुरंच मातरं श्रीतिर्थ शिशूकानि जान्पशावलं
हलारकं खेटपुरं भ्रकुंडकं मुमधांकलावेत्र गुणंत्रयोदश

टोळक निबंध.

પંચાસર નગરનો રાજા જયશીખરી ચાવડો તેનો પુત્ર વનરાજ ચાવડો તેણે ગુજરાતની રાજધાની જે અણહીલપુર પાટણ તે સંવત ૮૦૨ ના વૈશાખ સુદી ૩ ને શનીવારે મધ્યાન્હે વસાવ્યું. એ શેહેરને લોકો હાલમાં પાટણ કહેછે, એ પાટણની ગાદી ઉપર વનરાજના વંશજોએ સંવત ૧૦૦૦ સુધી રાજ્ય કર્યું. તેના વંશનો છેલ્લો પુરૂષ સામંતસિંહજી થયો. તેને પુત્ર નહોતો તેથી તેની બેન લીલાદેવીનો પુત્ર મુળરાજ ગાદીનો માલેક થયો, એને કોઈએ એવું કહ્યું જે વાઘ, વીંછી, મદીરા, જમાઇ, ભાણેજ, મુરખ, ને રાવન, એ સાત જણ સત્તા કાળ અવગુણીજ હોય, તેથી સઘળા રાજ કુળનો નાશ કરીને સ્વતંત્ર થયો ને પોતે પરાક્રમ કરીને ઘણા રાજાઓ ઉપર સત્તા બેસારી આખર વૃદ્ધાવસ્થામાં તેને મોટો રોગ પેદા થયો, તેથી એના મનમાં એવું આવ્યું જે મેં રાજ્ય સંપાદન કરવામાં ઘણાં અઘટીત કામ કર્યાં છે, તેથી મને મોટો રોગ થયો એવું જાણી તેણે કરેલાં કર્મથી છુટવા સારૂ ઘણી એક યાત્રાઓ કરી પણ રોગ મટયો નહીં. એવામાં કોઇએ કહ્યું જે પાટણથી ૧૨ ગાઉ ઉપર સરસ્વતીને કિનારે કરદમ રૂષીનો આશ્રમ છે ત્યાં જઇને યાત્રા કરીતો રોગ મટે એવું સાંભળી તેણે ત્યાં જઇને રૂદ્રમહાકાળનું દેવાળ બંધાવ્યું (જેને લોકો હાલમાં રૂદ્રમાળો કહેછે) ને તે મહાદેવની પ્રતીષ્ટા કરતી વખતે મહારૂદ્રનો આરંભ કર્યો. એ યજ્ઞ કરવા સારૂ રાજા ઉત્તર પ્રાંતનો મોટે ઉત્તરમાંથી ઘણાએક બ્રાહ્મણોને સકુટુંબ તેડાવ્યા. ૧૦૦ બ્રાહ્મણો ગંગા યમુનાના સંગમ આગળ પ્રયાગમાંથી તેડાવ્યા, ૧૨૦ યવનાશ્રમમાંથી, ૨૦૦ બ્રાહ્મણો સરયુ નદીને કાંઠેથી સરવરીઆ, ૨૦૦ કાનકુબ્જમાંથી કનોજીઆ, ૧૦૦ કાશીમાંથી ૭૨ કુરૂક્ષેત્રમાંથી, ૧૦૦ ગંગાદ્વારથી, ૧૩૨ કુરૂક્ષેત્રમાંથી ફરીથી તેડાવ્યા. એ રીતે ૧૦૦૯ બ્રાહ્મણોથી તે રાજાએ મહાદેવની પ્રતિષ્ટા તથા યજ્ઞનો સમારંભ કર્યો, તેની સમાપ્તી સંવત ૧૦૫૦ના કારતક સુદી ૮ને દીવસે કરીને બ્રાહ્મણોને દક્ષણા આપવા સારૂ સરવેને યજ્ઞ મંડપમાં બોલાવી પ્રાર્થના કરીને કહ્યુ જે હે ભુદેવો તમો મહારા દેશમાં સકુટુંબ નિવાસ કરો, હું આપને આજીવીકા સારૂ પૃથ્વી જોઇએ તેટલી આપું. ત્યારે તેમાંથી ૫૦૦ બ્રાહ્મણોને સંહ-

પૂરનો આસપાસ ગામોમાં પૃથ્વી આપીને ૫૦૦ ને સિદ્ધપુરનો આશપાશનાં ગામોમાં પૃથ્વી આપી તેથી તેમના શીરોહી અને સીદ્ધપુર એવા બે સંપ્રદાય પડ્યા છે. ને તે ઉત્તરમાંથી આવ્યા ને ૧૦૦૦ માટે તેમની જાતનું ઉદીચ્ય સહસ્ત્ર એવું નામ પડ્યું. પછી તેઓ જે જે ગામમાં રહ્યા ને જેવો ધંધો કરવા લાગ્યા તે ઉપરથી તેમની અટક પડી. યાજ્ઞિકીનો ધંધો કર્યો તે જાની કહેવાય, કથા વાંચી તે ભટ બે વેદ ભણ્યા તે દવે. ત્રણ વેદ ભણ્યા તે ત્રવાડી, ગોરપણું કર્યું તે પુરોહિત, પંડીતનો ધંધો કર્યો તે પંડ્યા; તેમજ કોઇ વખત ઉત્તરમાં મોહોટો કાળ પડ્યો તેથી ઘણા એક બ્રાહ્મણો આ દેશમાં આવી જે ગામમાં વશ્યા તે ઉપરથી તેમની જાત પડી છે. ડીસામાં આવીને રહ્યા તે ડીસા વાળ. જાહારોળમાં આવીને વશ્યા તે ઝારોળા વાયડમાં રહ્યા તે વાયડા, ઉનામાં રહ્યા તે ઉનેવાળ. વલાદમાં રહ્યા તે વડાદરા. વાલમમાં રહ્યા તે વાલમ. બ્રહ્માનો ખેડમાં રહ્યા તે ખેડુવા. રોયઢામાં રહ્યા તે રોઢવાલ, વીસનગરમાં રહ્યા તે વીસનગરા. ચીતોડના ચીત્રોડા. સાઠંબાના સાઠોદરા. વડનગરના વડનગરા. ખડાલમોઢીમાં રહ્યા તે ખડાયતા. તેમજ મેવાડદેશમાં જે રહ્યા છે તે મેવાડા. તેમાં પણ કેટલાંએક કારણથી ત્રવાડી મેવાડા. ચોરાશી મેવાડા ને ભટ મેવાડા એવી ત્રણ શાખાઓ પડી છે. ગુગલવનમાં આવી રહ્યા તે ગુગલી કહેવાયા. વળી પ્રાચિન કાળમાં મોઢેર કરીને એક શેહેર હતું. તેમાં કેટલાક વાણીઆ તથા બ્રાહ્મણો આવીને રહ્યા તેથી તે મોઢ કહેવાયા, તેમાંથી જૂદો જૂદો ધંધો કરવા લાગ્યા તે ઉપરથી ચાતુર્વેદી મોઢ. ત્રીવેદી મોઢ, અગીઆસણા મોઢ, જેઠુવા, તાંજલજા, અને ધેનોજા મોઢ એવી છ શાખાઓ થઇ. તેમજ વાણીઆ

પણ મોઢેરેથી જૂદા પડીને અડાળજમાં વશ્યા તે અડાળજા મોઢ કહેવાયા. ઘોઘામાં રહ્યા તે ઘોઘુવા. ને માંડળમાં જઇને વશ્યા તે માંડલીયા મોઢ કહેવાયા પણ ખરૂ જોતાં સઘળી જ્ઞાતિના બ્રાહ્મણોનું મૂળ એકજ છે, પણ પોત પોતાની હઠીલાઇને લીધે જૂઠો અભિમાન અણસમજનો બાંધી બેઠા છે, ને કહેછે જે અમેતો અમુક જાતના બ્રાહ્મણો છીએ, અમે બીજાનું રાંધેલું જમતા નથી. એવી એવી અનેક પ્રકારની ગાંડાઇને બાઝી બેઠાછે, પણ એક જ્ઞાતિનો બ્રાહ્મણ બીજી જ્ઞાતિના બ્રાહ્મણને કન્યા આપે અગર તેની કન્યા લે, તો તેથી કંઇ વટલતો નથી, તેના ઉપર

પરમેશ્વર કોપાયમાન થઇને નરકમાં નાંખનાર નથી, જ્યારે એવો સંપ બ્રાહ્મણોમાં થશે ને કુળવાનને અકુળવાન એવો મમત મટી જશે, ને બાળ લગ્ન કરવું બંધ કરશે, વિદ્યાભ્યાસ કરશે. શકિત વિના દેવું કરીને નાતવરા નહિ કરે ત્યારેજ આ દેશના બ્રાહ્મણો સારી સ્થીતિમાં આવશે. આવી મન કલ્પિત ગાંડાઇને લીધે ઘણું દુઃખ વેઠવું પડેછે, ને કેટલીક નહાંની નાતોનો છેડો આવી ગયો ને હજુ દીવસે દીવસે અંત આવી જવાના ધાસ્તી છે. વળી મિથ્યાભિમાનની ગાંડાઇને લીધે અપરંપાર દુઃખ વેઠવું પડે છે તેનો કંઈ વિચાર કરતા નથી. છોકરાને કે આપણને જરા કંઈ રોગ થાયો કે તે મટાડવાનો તુરત ઉપાય કરીએ છીએ, પણ કુલ રૂપી રોગ મટાડવા વિચાર થતો નથી, તેને લીધે દુરાચારી, દુષ્ટ બુઅમરતા કદ્રુપા, બેરા, બુચા બોખડા, ને કુળવાન જાણી કન્યા આપવાનો મુર્ખાઇ ભરેલો રીવાજ પડયોછે. તે વિષે કંઇ પણ વિચાર નહિ કરતાં અંધકારમાં અથડાયા કરેછે.

ઘણા પ્રાચિન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એવી ચાર જાતો આ ભરતખંડમાં હતી, તે દીવસે દીવસે વર્ણ સંકર જાતીઓ થઇને ઘણી નાતો બંધાઇ ગઇછે, પ્રાચીન કાળમાં એટલે ૧૦૦૦વર્ષ ઉપર સઘળા બ્રાહ્મણો એક જાતના હતા, એક બીજાને કંન્યા આપતા તથા લેતા એવો સંપ્રદાય હતો, તે થોડાં વર્ષથી એટલે આ દેશમાં મુસલમાનોનું રાજ્ય આવ્યું ત્યાર પછી મટી ગયો, કારણ કે એ વખતમાં રાજ્યની અવ્યવસ્થાને લીધે ચોર વિગેરેનો ઘણો જુલમ હતો, તેથી એક ગામથી ૧૦કે૧૫ ગાઉ જવું હોયતો સ્વર્ગ જેટલું થે પડતું એટલુંજ નહિ પણ ગામની બાહાર કોઇ નીકળ્યો તો તેને પકડીને માર મારી ડંડ લેઇ છોડતા. વળી શબ બાળવા નદી ઉપર જવું હોયતો સરકારી થાણું સંઘાથે આવે ત્યારેજ શબ બાળવા જવાય, એવી વ્યવસ્થાને લીધે લોકો જે ગામમાં રહ્યા ત્યાંજ પોતાનો વ્યવહાર ચલાવ્યો, તેથી વાડા બંધાઇ ગયા આ ગુજરાતમાં ઘણી જાતના બ્રાહ્મણોછે, તે સઘળાનું મુળ એકજછે, માટે સઘળા અસલની પેઠે એક જાતના થશે ત્યારેજ સુખી થશે.

મુળરાજાએ ૧૦૦૦ બ્રાહ્મણોને દક્ષિણા આપ્યા પછી જે ૯ બ્રાહ્મણો તથા તેમના સોબતી ૪ એ રીતે ૧૩ બ્રાહ્મણો ભણેલા અગનીહોત્રી યજુર્વેદી માધ્યંદીની શાખાના જે મુખ્ય હતા તેમનો યજ્ઞમાં ચઢતો ઉતરતો અધીકાર હતો જેમ રાજ્ય ચલાવવામાં રાજા, દીવાન, સેનાપતી,

દફતરદાર વિગરેનું જુદું જુદું કામ હોયછે; તેમજ આ યજ્ઞ કરાવવામાં આચાર્ય, બ્રહ્મા, સદસ્ય, ગાણપત્ય, સર્વોપદ્રષ્ટા, ને ૮ દ્વારપાલ મળીને ૧૩ બ્રાહ્મણો હતા તે ૧૦૦૦ બ્રાહ્મણોમાં સર્વોત્તમ ને તેમની ટોળી જુદી હતી તેથી તેમનું નામ ટોળકીયા ઔદીચ્ય એવું પડ્યું છે. તેઓ ઘણા વિદ્વાન તેથી રાજાના મનમાં એવું આવ્યું જે આ બ્રાહ્મણો આ દેશમાં રહેતો દેશમાં વિદ્યા વધે ને અગની હોત્રનાં કર્મ કરે તેથી આખો દેશ પવિત્ર થાય એવું જાણીને નિવાસ કરાવવા સારૂ પ્રાર્થના કરીને કહ્યું જે હે ભુદેવો તમો મારા દેશમાં નિવાસ કરો એટલું હું આપની પાસે માગું છું. ત્યારે તેમણે કહ્યું જે જ્યાં ગંગાનો તટ ને સ્વયંભુ માહાદેવનું સ્થળ હોય ત્યાં અમારૂ રક્ષણ તમો કરો તો અમો રહીયે, ને આચાર્યે કહ્યું જે માહારા આશ્રમમાં કોઇ શુદ્ર પ્રવેશ ના કરે તો હું પણ રેહેવાને પ્રસન્ન છુ ત્યારે રાજાએ કબુલ કર્યું ને તેમણે ગુજરાત દેશમાં સાભ્રમતી, મેશ્વો, વાત્રક, શેઢી, ને મહી એ પાંચ નદીઓના ઉપર રેહેવાનું સ્થળ પસન કર્યું. તેમાં જે આચાર્ય મીત્રશર્મા નામના હતા તેમણે વાત્રકને કીનારે પારાશર માહાદેવની પાસે બ્રહ્મપુરી વસાવી તેને લોકો બ્રાંહ્મલોલ કહેછે એ ગામ હાલમાં ઉજડ છે. તેના વંશજો બાંમણોલા પંડ્યા એ નામથી ઓળખાયછે એમનો ગોત્રો ચાર.

काश्यपगोत्रोत्पन्नोहं कश्यप अवत्सार नैध्रुवेति त्रिप्रवरान्वित

यजुर्वेदांतर्गतमाध्यंदिनिशाखाध्यायिनं

આ બ્રાહ્મણ તપસ્વી ને ચારે વેદ ભણેલા તેથી સર્વે બ્રાહ્મણોએ મળીને તેમને પ્રથમ તિલક કરવાની પદ્વિ આપી. તે ઘણા દીવસ સુધી રહી; પણ કાળે કરીને અધમ લોકના સહવાસથી તે પદવી તેમણે ગુમાવી દીધી. તે હેવી રીતે કે આશરે ૨૫૦ વર્ષ ઉપર ખંભાતમાં ટોપી પંડ્યા કરીને એક કૃસ્નાત્રિગોત્રના બ્રાહ્મણ રાજાના વૈદ્ય ઘણા ધનવાન હતા. તેમણે પોતાની કુળ દેવ્યા ચામુંડાના દેવળનો જીર્ણોદ્ધાર કરીને સ્વજ્ઞાતીમાં ચરૂનું બાંહાણુ કરવાનો નિશ્ચય કરી સ્વજ્ઞાતીની નાત મેળાવો કર્યો તે વખત સારૂ બાંહાણુ સાંભળીને ઘણા બ્રાહ્મણો આવ્યા. તેમાં પ્રથમ પદ્વિવાળા બાંમણોલા પંડ્યા સંખ્યામાં ઘણા હતા. તેઓ અભણને ખેતીનો ધંધો કરનારા વિચિત્ર દેખાવના હતા તોપણ આચાર્યના કુળના છે એમ જાણીને પ્રથમ તિલક કરવા સારૂ બોલાવીને, અનુ-

ક્રમે દરેકને જાંહાંગુ આપવા માંડ્યું પણ તે ઘણા તેથી તેમનો પાર આવ્યો નહી. એટલે ન્યાતીના આગેવાન સજ્જનોએ કહ્યું જે હજી બ્રાહ્મણોના કેટલાક છે એટલે તેમાંનો એક જણ બોલ્યો જે હજી તો ઘણા છે પાડો મારચો હોય તો પુછડું ભાગે આવે નહી એટલા છે. હાવી અધમવાણી સાંભળીને ઘણાઓના મનમાં એવું આવ્યો જે અરેરે જેને આપણે સર્વોત્તમ ગણીને પ્રથમ તિલક કરીયે તે હાવી ક્ષુદ્ર વાણી બોલે એ કંઈ યોગ્ય નહી. એમ ધારીને પ્રથમ તિલક કરવાનું બંધ કર્યું ને બીજી પદ્ધિના સામર્થમા કૃષ્નાત્રી ગોત્રના જેનો યજ્ઞમાં બ્રહ્માનો અધીકાર હતો તેમને પ્રથમ તિલક કરવાની પદ્ધિ આપી.

એ બ્રાંહ્મણે મહીસાગરના સંગમ ઉપર કોટેશ્વર માહાદેવની પાસે શીસ્તલમાં નીવાસ કર્યો ત્યાંહાંથી કેટલેએક કાળે ખંભાતમાં જઈને રહ્યા તેથી તે ખંભાતી કેહેવાયા તેમાં પણ પાંચા, દશા, ને વીસા હેવી ત્રણ શાખાઓ પડીછે. એમાં સર્વોત્કૃષ્ટ હાલમાં ગણાય છે. પણ એમાં એટલો બધો દુરાચાર વધિ ગયોછે કે તે વીશે કોઈ બ્રાહ્મણે શ્લોક કર્યા છે તેમાંનો એકજ શ્લોક અત્રે હમો દાખલ કરીયે છીયે.

आबालाशितविर्षमुद्वहपराकृष्णात्रिगोत्रोद्भवा
स्वज्ञातीयमथापराश्रितजनं संबांधिनं शालकं
नोजानंतिगृहागताचवनिताचर्कतिचांद्रायणं
धिक्मुढैरिवटोलकैर्द्विजगणैःकृष्णात्रिमाकांक्षते ॥१॥

વળી એમના ભેગા નગરા નારદી બ્રાહ્મણો ભળ્યાછે તે સામવેદી ત્રવાડી કેહેવાય છે. ટોળકીયામાં યજુર્વેદ શીવાય બીજા વેદનો જે હોય તે બીજીજ નાતનો સમજવો. વળી તેમાં દેહેવાણના દધીચ બ્રાહ્મણો ભળ્યા છે તે દેહેવાણા કેહેવાય છે. એ કૃષ્નાત્રીનો ગોત્રોચ્ચાર.

अतिगोत्रोत्पन्नोहं आत्रेयार्चनानसश्यावाश्वेति
त्रिप्रवरान्वितयजुर्वेदांतर्गतमाध्यंदिनीशाखाध्यायिनं ०॥

એ કૃષ્નાત્રિયોને પોતાની કન્યા આપવા વીશેનું ઘણુંજ દુઃખ છે. જેને તેઓ કન્યા આપેછે તેઓ દુરાચારી મુર્ખ દરીદ્રી ને માલ વગરના ટીચીદાર હોય છે. એવા નઠારાઓને પોતાની મુર્ખતાને લીધે રત્ન જેવી કન્યાઓને દુઃખના દરીયામાં નાંખી દે છે. તેઓ જીવે ત્યાંસુધી બાપ

દેઈ દુરાચારથી પોતાનું આયુષ્ય પુરૂ કરેછે. માટે તેઓ જો સંપીને ન્યાતોના સારા સારા ઉદ્યોગી વિદ્યાવાન ને વિવેકી જોઇને કન્યા આપે તો ઘણુંજ સુખ પામે. ને એમ કરવાથી કુળ ઘટી જવાનું નથી. પણ એ કામ બધા કૃષ્નાત્રીયો સંપ સંપીને કરે તોજ બને નહી તો બનવાનું નથી.

જેમ સારી જગ્યામાં જમવા બેસવુ એ બધાઓને સારૂ લાગેછે પણ જમણવારમાં ખાળને સંડાસ આગળ બધા જમવા બેસે છે. તે ઘણું ખોટુંછે પણ બધા મળીને એ કામ કરેછે તો કોઇ કોઇ ખોટુ કહેતુ-નથી ને આ કામતો બધાઓને લાભકારક છે તો તેવુ કામ બધાઓએ શામાટે સંપીને નહી કરવું જોઇયે. જો બધાઓ તેવા ધારો કાહાડે કે જે માણસ ઉદ્યોગી ભણેલો તેજ કુળવાન તો તેથી ન્યાતીનો ઘણોજ સુધારો થાય જેમ ક્ષત્રીની ને નાગરોની ન્યાતોમાં જેને નોકરી મળે તેનોજ વિવાહ થાયછે તો તેથી આખી નાત સારી હાલતમાં રહેછે. માટે હે મારા પ્રીય કૃસ્નાત્રીયો તમો જરા સમજો ને કુળની ખોટો અભીમાંન મુકી દઇને તમારી પ્રજા સુખી થાય તેવાનેજ કંન્યા આપો કે તેથી પરમેશ્વર તમારી ઉપર મેરબાન થશે ને તમારી પ્રજાની ફીકર તમને રેહેશે નહીં તમને ઘણા દીવસની ખોટા કુળની ટેવ પડી ગઇછે. ને વિચાર કરવાની શકિત મંદ તેથી ખોટુ કામ તમને સારૂ લાગેછે. જેમ કસાઈ બકરાં રેશી નાંખતાં લગાર પણ ખેદ પામતા નથી તેમજ તમારી પ્રજાને અઘોર દુઃખમાં નાંખવાથી તમને જરા પણ ખેદ લાગતો નથી. અરેરે આ કેહેવી કુળની ગાંડાઇ.

ત્રીજા અધીકારવળા ભવશર્મા પૌલસ્ત ગોત્રના પંચ પ્રવરી એમણે મેશવાની તેડે કનોજમાં નીલકંઠ માહાદેવની પાસે નિવાસ કર્યો. એમનો ગોત્રો ચ્ચાર

पौलस्त च्यवन आपन्वान् और्मि जमदग्नीति पंचप्रवराम्विम यजुर्वेदांतर्गतमाध्यं दिनिशाखाध्यायितं

એમનો વંશ ઘણો વૃદ્ધિ પાંમો ને ત્યાંહાંથિ જેજે ગાંમમાં ગયા તે ઉપરથિ તેમની જુદી જુદી શાખાઓ થઇ છે. બીલીપરામાં ગયા તે બીબપરા, વીરમગામમાં ગયા તે વીરમગામી. રહુમાં ગયા તે રહુચીયા વાસણામાં ગયા તે વાસણીયા; ત્રાંણજાના ત્રાંણજીઆ, અલીદ્રીયા, નાયકીયા, મેહેમદાવાદી, પેથાપરા, ને કોચરબીયા વીગરે ઘણી શાખાઓ

પડીછે. ને તેઓ કહેછે કે હમારી (પર) ખડકીયો હતી, તેમની કુળદેવ્યા વિરમગામમાં અષ્ટભુજા ને ધાતુની છે. તેમાં સંવત ૧૨૧૨ હેવુ લખેલુછે. તે મુર્તિ મેં જોઇછે. એ પૌલસ્તી બાંમણોલા, અરેરા, ખેડીયા, મુમધિયા, ને આંકલાવા, એ પાંચ કસ્યપી ને કન્યા આપતા હતા તેથી તે ઘણાજ ઉન્મત ને મદાંધ થઇને ઘાણુ દુઃખ દેવા લાગ્યા; એટલે તે ડાહ્યા ને વિવેકી પૌલસ્તીઓએ સંપીને હેવો વિચાર કર્યો જે આપણે જે પથ્થરને સિંદુર લગાડીશુ તે હનુમાન થઇને પુજાશે હેવુ ધારીને એક પોલસ્તીને ઘેર ૪ વિદ્યાર્થિઓ કસ્યપ ગોત્રના હતા તેમને કન્યા આપીને તેમનુ નવુ ગામ પાદર ઠરાવ્યુ તેમણે સંપીને નવા ગામવાલાનેજ કન્યા આપી બીજા કશ્યપીને આપવાનુ બંધ કર્યું. એમની વસ્તી ઘણી તેથી એ કામ સારી રીતે ચાલ્યુ. હાલમાં નવા ગામીયા વધારે દુરાચારી થતા જાયછે તે વાત સર્વે જાણેછે માટે તેઓ જો સારી રીતે નહી ચાલેતો ઇશ્વરનો કોપ થશે. માટે તેમણે અવસ્ય સુધરવુ જોઇયે. ને બધાઓની મરજી પ્રમાણે વરતવું નવા ગામવાળાનો વર નમળે તો પોલસ્ત અડાલજાને તથા ખેડીયાઓને કોઇ વખત કન્યા આપતા હતા તે ઉપરથી ખેડીયાઓએ નવા ગાંમની બરોબરી થવા સારૂ પોતાનો યજુર્વેદ બદલી રઘુવેદ ધારણ કર્યો. તેથી કેટલાક તેમને પણ જુદી નાતના ધારેછે પણ એ વાત ખોટીછે જો એ બીજી નાતના હોતતો તેમને ખેડીયા કેહેતજ નહી.

ચોથા અધીકારવાળા વિષ્ણુશર્મા શાંડીલ ગોત્રના યજુર્વેદી તેમણે મહીના તટ ઉપર સિદ્ધેશ્વર માહાદેવના સાનિત્ય માતરં ગામમાં નિવાસ કર્યો તેમનો ગોત્રોચ્ચાર

शांडिल असित देवलेति त्रिपरान्वित यजुर्वेदांतर्गतमाध्यं ०॥

એમના વંશજોની ભટ, શુકલ, ને જાંની હેવી ત્રણ શાખાઓ થઇ છે ને વળી જાંનીમાં પણ ઉટવાલી, ડાહાડીગર ભાટગોર, મારવાડી, સત્યાશીયા વગેરે પાંખીયાં થયાંછે. તેમાં અકચ્ચીયા જાનીનુ પાંખીયુ કુળવાન ગણાયછે. ને સત્યાશીયાનુ પાંખીયુ અકુળવાન ગણે છે. આ કેવી ગાંડાઇછે. એક ઝાડની ચાર ડાળ તેમાં એક સારી ને બીજી ખોટી, એક હાથાને પાંચ આંગળીયો તેમાં સારી કઇ ને ખોટી કઇ જેના મનમાં શાંડીલ ગોત્ર ઉત્કૃષ્ટછે તેણે એક શાંડીલનુ કુળ ઉચ્ચુ તે બીજુ શાંડીલનુ કુળનીચુ શી રીતે સમજ્યુ. કુલવીશે કેટલાક લોકો એમ ધારેછે કે

જેના કુળમાં કન્યાવિક્રય થયો નથી ને સારાં સારાં ખરચ કર્યાંછે તે કુળવાન, આવાત તદન ખોટીછે. કેટલાક મધ્યમ પંકતીના બ્રાહ્મણો કન્યાવિક્રય કરતા નથીને ઘર આગળ ખરચ પણ રીત પરમાણે કરેછે તથાપિ તેને કોઇ કુળવાન ગણતું નથી, પણ અંધ પરંપરાથી જેનું મિથ્યા કુળ માનેલુંછે તે ગમે તેવા નઠારા હોય, દાતણની ચીરાંઓ વીણીને પાણીળીનું કરે ને ઘરમાં બાયડીયોને દુઃખદે, ને અગનોતરો ને સડતાલીં બે ભાઇઓ ઘરમાં કલોલ કરતા હોય તો પણ તેને કુળવાન ગણીને કન્યા આપેછે. તેવા અને બીજા કેટલાએક કુળવાનોમાં કોઈ કોઈ છાનોમાનો ખાનગી રીતે કન્યા વિક્રય કરેછે, અમર જ્યાંહાં કન્યા આપેછે ત્યાંહાં હેવી પૈઠણ કરેછે કે માહારી કન્યા તને આપુ પણ તું તાહારી કન્યા અમુક ઠેકાણે આપે તો હું તાહારે ઘેર વિવાહ કરૂ. તે વાત સઘળા જાણેછે. ને તેમનાં નઠારાં કરેલાં કૃત્ય પણ જગતમાં પ્રસિદ્ધછે તોપણ તે કુળવાન મટી જતા નથી માટે સારાં કાંમથી કુળ વધતું નથી ને નઠારાં કાંમ કરવાથી કુળ ઘટતું નથીં એતો બેવકુફ લોકની મુરખાઇ એજ કુળછે. એ કુળ વધશે ઘટશે ક્યારે કે જ્યારે ન્યાતિમાં ઘણા, વિદ્વાન્ સમજુ ને વિવેકી થશે ત્યારેજ તેમ થશે.

પાંચમા અધીકાર વાલા મિત્રશર્મા સર્વોપદ્રષ્ટા કશ્યપ ગોત્રના એઢીને કિનારે હરેરા કરીને ડભાંણની પાસે ગામછે ત્યાંહાં ભીમનાથ માહાદેવની પાસે નિવાસ કર્યો, એ બ્રાહ્મણ ઘણા વિદ્યાવાન હતા એમનો ગોત્ર ચ્યાર

कश्यप अवत्सार नैध्रुवेति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत मा॰

એમનાવંશજો હરેરા પરોત એનામથી ઓળખાયછે. એમની સંખ્યા ઘણીજ થોડીછે તેમાં થોડાંએક ઘર સારાં રહ્યાંછે. ને બીજાં કનિષ્ટ પંક્તિમાંછે.

છઠા અધીકારવાળા ત્રરઘુવેદનુંપારાયણ કરવાના અધિકારી ભારદ્વાજ ગોત્રના યજુર્વેદી એઢીના કીનારા ઉપર દેવગ્રામ(જેને દેગાંમ કહેછે)માં ભુતનાથ મહાદેવની નજીક રહ્યા. ત્યાંહાંથી કેટલેએક દીવસે ડભાંણમાં ગયા તેથી તે ડભાંણા કેહેવાયા. તેમાંપણ ભટ, પંડ્યા, શુકલ હેવી, ત્રણ શાખાઓ પડી. તેમાં ભટ ઉત્કૃષ્ટ ગણાયછે. એ ડભાંણ તથા માતરના બ્રામણોએ ઘણા અપંક્ત બ્રાહ્મણોને પવિત્ર કર્યાછે તેથી તેઓ પ્રસિદ્ધછે એમનો ગોત્ર ચ્યાર

भरद्वाज आंगीरस बार्हस्पत्येति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत मा०॥

સાતમા અધીકારવાલા ત્રરઘુવેદના સ્વાધ્યાયી કશ્યપ ગોત્રના યજુર્વેદી એઢીને કિનારે આજુ(અરજુનપૂર) માં અચળેશ્વર મહાદેવપાસે વસ્યા. ત્યાંથી

મુમધામાં જઇને રહ્યા તેથી મુમધીયા કહેવાયા. ને એમાંથી અડાલજમાં જઇને વશ્યા તેથી અડાલજા કહેવાયા, એમને પૌજસ્તી હજી પણ કન્યા આપેછે. ને મુમધીયાને આપતા નથી. એમનો જથો ફકત તોરણામાં વ- ધારે છે. એમનો ગોત્રોચ્ચાર.

कश्यप अवत्सार रैभ्येति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत माध्यं०॥

આઠમા અધીકાર વાળા દત્તશર્મા કશ્યપ ગોત્રના વાત્રકને કિનારે એડામાં સોમનાથ પાસે વશ્યા તેમને એડીયા કહેછે. એમાં એડીયા વ્યાસ ને એડીયા પંડ્યા એવી બે શાખાઓ પડીછે, તેમાં વ્યાસ ઉત્કૃષ્ટ ગણાયછે, તેમણે મોહોટા કુળવાન ગણાવવા માટે પોતાનો વેદ ફેરવો છે, તે વિશે આગળ લખવામાં આવ્યું છે. એમનો ગોત્રોચ્ચાર.

कश्यप असित देवलेति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गतमाध्यंदि०॥

નવમા અધિકારવાળા ભવશર્મા ભારદ્વાજ ગોત્રના સાભ્રમતીને કિનારે રામનાથ મહાદેવ પાસે આશાવલી (આશ્ટોડીયું) માં વશ્યા, તેમને અશાવલા વ્યાસ કહેછે. ત્યાંહાંથી હરીયાળામાં ગયા તેને હરીયાળીયા કહેછે ગોત્રોચ્ચાર.

भरद्वाज आंगीरस बार्हस्पत्येति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत माध्यं०॥

દશમા અધિકારવાળા સામવેદનું પારાયણ કરનારા દત્તશર્મા આંગીરસ ગોત્રના વાત્રકને કાંઠે ભરકુંડામાં વૈજનાથ માહાદેવ પાસે વશ્યા. તેઓ ભરકુંડીયા વ્યાસ એ નામથી ઓળખાયછે. એમની સંખ્યા ઘણી નથી ગોત્રોચ્ચાર

आंगीरस औतथ्य गौतमेति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत माध्यं ०॥

અગીયારમા અધિકારવાળા વિશ્વશર્મા વશીષ્ટ ગોત્રના મહીનદીને કાંઠે સાયણેશ્વર પાસે સુમારે ગામમાં વશ્યા ત્યાંથી શીશવામાં જૈને વશ્યા તેથી શીશવા પંડ્યા કહેવાયા. તેમાં वच्छस ગોત્રના બ્રાહ્મણ ભળેલાછે. તેમને પણ શીશવા કહે છે. ગોત્રોચ્ચાર

वसिष्ठेंद्र प्रमदा भरद्वस्वेति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गत मा०॥

બારમા અધિકારવાળા અથરવેદનું પારાયણ કરનારા ભીમશર્મા કશ્યપ ગોત્રના મહીને કાંઠે અચળેશ્વર મહાદેવની પાસે આંકલાવમાં વશ્યા. તેથી આંકલાવા ભટ એ નામથી ઓળખાય છે ગોત્રોચ્ચાર

कश्यप अवत्सार रैभ्येति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गतमा०॥

તેરમા સાંકૃત ગોત્રના દેવશર્મા મહીનદીને કિનારે ત્રગુણજમાં ધુ- ર્જટેશ્વર પાસે વશ્યા, એ ગામ મહીની રેલથી નાશ થયેલુ છે. ત્યાંહાં વ-

સનારા ત્રગુણા જોશી એ નામથી ઓળખાય છે. ગોત્રોચ્ચાર

सांकृत अत्रि उदालकेति त्रिप्रवरान्वित यजुर्वेदांतर्गतमा०॥

એ રીતે ૧૩ બ્રાહ્મણોને સ્થલ આપ્યાં ને આજીવિકા સારૂ પૃથ્વી આપી. ત્યાંહાં વેદપારાયણ, શીવપૂજન, અગ્નિહોત્ર, ને વિદ્યાર્થિયોને ભણાવીને કાળ નિર્ગમન કરતા હતા; પછી ત્રણ વરશે મૂળરાજા સ્વર્ગ વાસી થયા, એટલે બધા બ્રાહ્મણો મળીને ઇશ્વર સ્તુતી કરીને કહ્યું જે એ રાજાનો અખંડ વૈકુંઠ વાસ હજો. પછી પોતાનો વ્યવહાર ચલાવવા માટે કન્યા આપવા લેવાસારૂ નીચે પ્રમાણે નીયમ બાંધ્યા

કશ્યપીયે	શાંડીલ	ભરદ્વાજ ને વશીષ્ટને કન્યા આપવી
અત્રિયે	પૌલસ્ત્ય ને	શાંડીલને આપવી.
પૌલસ્તીયે	કશ્યપીને	આપવી.
શાંડીલે	પૌલસ્તને	આપવી.
ભારદ્વાજે	શાંડીલ ને	પૌલસ્તને આપવી.
વશીષ્ટે	સાંકૃત ને	આંગીરસને આપવી.
આંગીરસે	શાંડીલ ને	ભરદ્વાજને આપવી.
સાંકૃતે	આંગીરસ ને	શાંડીલને આપવી.

એ રીતે વ્યવહાર ચાલવા માંડ્યો પછી ૨૫૦) વર્ષે મૂલરાજાના વંશમાં સિદ્ધરાજ થયો તેણે રૂદ્ર માહાકાળનો જીર્ણોદ્ધાર કરીને માહારૂદ્ર કરવા સારૂ પોતાના વૃદ્ધે જે બ્રાહ્મણોને પૃથ્વી આપી હતી તેમનેજ નિમંત્રણ કરીને તેડાવ્યા, તેમાંથી શીશવા પંડ્યા, આંકલાવા ભટ, ને ત્રગુણાજોશી, એ ત્રણ અવિદ્વાન નિકળ્યા; ત્યારે તેમની જગ્યાની ખોટ પુરી પાડવા સારૂ ઉદીચ્ય સહસ્ત્રમાંથી લીધા, તેમાં પેહેલા ગૌતમ ગોત્રના છત્રાલમાંથી, બીજા કશ્યપ ગોત્રના સરખેજમાંથી, ત્રીજા ઉતરસંડામાંથી એ રીતે છત્રાલા વ્યાસ, સરખેદીપાઠક ઉતરસંડાના ઉપાધ્યાય હેવાં ત્રણ ઉપપાદર થયાં. ત્યારપછી કાળે કરીને તેમની અવિદ્વત્તાને લીધે રાજ્યાશ્રય મટી જઇને રીતભાતમાં ફેરફાર થઇ ગયો તેથી ભટ, શુકલ, વ્યાસ, જાંની પુરોહીત, પંડ્યા, એવી એવી જે ઉપમાઓ એક બીજાને આપી સન્માન કરતા, તે મટીને તેના તેજ બ્રાહ્મણો એક બીજાને જુદીજ તરેની ઉપમાઓ આપેછે. તે એવી રીતે કે પૌલસ્તીને હજામની, ખેડીયાને મોચીની, શાંડીલને વેશ્યાની, ડભાંણા ભટને કાશદની, અથાવલાને જંદાની,

બરકુંડિયાનેં બઈયતજીની, ને સર્વોત્કૃષ્ટ જે બામણોલા પંડયા તેમને જે ઉપમા આપી છેઃ તે લખવાને હું ઘણો દલગીર છું. શું તેમને બીજી ઉપમા આપવી ના મળી! જે એમને બણઘોઘાની ઉપમા આપીછે, એ બામણોલા પંડયા સર્વ કરતાં ઉત્તમ હતા, તે હાલમાં ઘણાજ કનિષ્ટ થઈ ગયા છેઃ માટે તેમણે વિદ્યાભણીને તથા સારા સારા ઉદ્યોગ કરીને પાછું પૂર્વનું નામ રાખવા બનતા ઉપાય શોધવા એ તેમને ઘટારત છે.

૧ આ નીચે લખેલી કેટલીએક કલમો કેટલાક લોકોને કદાપી પસન નાં પડે તો તેમણે માફ કરવું. મેં આ ગ્રંથ કંઈ દ્વેશબુદ્ધીથી લખ્યો નથી ફકત મારા વિચાર જે હતા તે જણાવેલા છે. હું જાતે હરેરો પરોત છું મારી ઉમર ૪૫ વર્ષની છે મારૂં નામ જોશી ઉતમરામ દુર્લભરામ, મારૂં મુળ ગામ મેહેમદાવાદ છે હાલમાં હું અમદાવાદમાં રહુ છું.

૨ ન્યાતીનો બવહાર ચલાવવા સારૂ સારા, પ્રમાણીક, અનુભવી, ને દયાળુ ગ્રસ્થોની મંડળી ઠરાવવી તેનો ત્રણ વર્ષે ફેરફાર કરવો, તેમાં લુચ્ચા, ડગાબાજ, જુઠા, ને સ્વારથિયાને દાખલ કરવા નહિ. તેવા પટેલથી ન્યાતીમાં અનેક પ્રકારના વાંધા ને કલેશ પેદા થાયછે. તેઓ થોડાં ને ઉધું ચતું સમજાવીને તડવી થઈ પડેછે તેથી ઘણું નુકશાન છે.

૩ સારા ગ્રહસ્થોએ શકતી હોય તો ન્યાતીનો મેળાવડો કરવો પણ તેમાં ન્યાતીનું કલ્યાણ થાય એવો વિચાર કરે તેવા માણસોને એકઠા કરવા જોઈયે. નહો તો એ પૈસા હજાર હાથના કુવામાં નાખી દીધા બરાબર છે.

૪ આપણું સગું કે સ્નેહી દૈવયોગથી કોઈ મરી ગયું, તો તેના ઘરનાં માણસોને શાંતી થવા સારૂ આપણે તેની પાસે જઈને દીલાસો આપી દુઃખ વિસરી જાય એવા ઉપાય કરવા જોઈએ અને એજ કારણથી મુએલા પાછળ ભેગા થવાનો ધારોછે, તેના બદલામાં આપણાં સ્નેહીને બાજરી ફાકતાં લઈ જઈને તેને કલ્પાંત કરાવવો ને આપણે કલ્પાંત કરવો એ ઘણુંજ અઘટીતછે. જો ખરો સ્નેહ કે સબંધ હોય તો તેનું રક્ષણ કરવાને બનતો પ્રયત્ન કરવો.

૫ પોતાની હોંશ પુરી પાડવા સાંરૂ ઢગલા ઢગલીની પેઠે નાનાં અણસમજુ બાળકોને પરણાવવાં નહિ. તેઓ સમજે એવી મોહોટી ઉમરનાં થાય ત્યારેજ પરણાવે તો તેમનું કૌવત ને બુદ્ધીનો ક્ષય થતાં અટકશે.

૬ આપણા સ્વાર્થ માટે પાંચ વરસની છોડીને ૩૫ વર્ષનો વર કે પાંચ વર્ષનો વરને ૧૦ વરશની છોડી એવું કજોડું સમજુ મા બાપે કદી જોવું નહી.

૭ વિવાહમાં પેહેરામણી વખતે ત્રણ ત્રણ આનાની પાઘડીઓ ને મડદાને ઓઢાડવાનાં કોટીયાં જેવાં આના આનાનાં શેલાં આપીને ટોળકીયા મોટાઈ માનેછે ને હમોએ ૫૦ શેલાં પાઘડી વેહેચ્યાં ને લેનાર એમ ફુલેછે જે અમોને કુળવાન જાણીને વેહેવાઈએ શેલાં પાઘડી આપ્યાં આવું કરવાથી પાઘડીયો પાટા બાંધવાના કામમાં આવે ને શેલાં છોકરાં નાં બળોતીયાં કરવામાં આવેછે તેમના કરતાં તેટલા રૂપૈયાની મોટી પાઘડીને શેલું જો કન્યાનો બાપ વરને આપે તો કેવું સારૂ, અગર તેટલાજ રૂપૈયાનું કન્યાને ઘરેણું કરવું. વળી આવાં આવાં અઘટીત નકામાં ખરચ કરેછે તે કરતાં કન્યાને માટે પલ્લાનો ઠરાવ કરેતો તેથી કોઇ વખત તે પલ્લું ઘણુંજ ઉપયોગી થેઇ પડે. કોઈ માણસ ગામ જાયછે તો તે શેર ભાતું બાંધી જાયછે. ને કન્યાનો બાપ ૭૦૦ રૂપૈયા ઘર આગળ ખરચ કરે ને કન્યા પાસે ૫૦ રૂપૈયાનું પલ્લું નહિ આ ઠરાવ કરનારા કેવા સમજુ કેહેવાય.

૮ માબાપ છોકરાને પરણાવવાની જેટલી કાળજી રાખેછે તેટલીજ કાળજી છોકરાંને ભણાવવા સારૂ રાખે તો માબાપને કેટલો લાભ થાય વેહેલો વેહેલો વીવાહ થવા સારૂ છોકરાને ઘરેણું તથા સારૂ લુગડું પેહેરાવીને ફેરવે છે. ને પરગામથી કોઈ નાતનો આવ્યો તો તેને ઘી ખાંડ પીરસેછે.ને છોકરો નીશાળે જતો હોય તો સલેટ, પેન તથા ચોપડી, પુરી આપે નહિ. ને ગળે ઘરેણાનાં ઠીકરાં વળગાડવા સારૂ નકામો ખરચ કરેછે. માટે સમજુ માબાપે પ્રથમ છોકરાંને ભણાવવા માટે પોતાની શકતી પ્રમાણે ખરચ કરવે; તો તે ખરચ હજાર દરજે આગળ ઉપર આખા કુટંબને ઘણું ફાયદાકારક થશે.

૯ વીવાહમાં બાયડીઓ કેટલેક ઠેકાણે ફટાણાં ગાયછે,. તે બંધ કરવું જોઇએ ગોરવમાં કેટલેક ઠેકાણે પાપડ ઉપર લોટ મુકીને વેવાઈ ઉપર ફોડેછે બકરીની લીંડીઓને ચણાને ઠેકાણે બાણામાં મુકેછે કે તે ખાધા પછી થુથુ કરેછે વળી માટીની પુતળી કરીને તેને બકરાની લીંડીઓની માળા ઘાલી હાથમાં હુકો આપીને જમતિ વખત વેહેવાઈના સા-

મી બેસારેછે આથી તેઓ ઘણી આબરૂ ને ખુશી માનેછે આતે કેવી આબરૂ! વળી ગ્નાતીના લોકો એક બીજાને ઘેર જાયછે ત્યારે તેમનું સન્માન કરવામાં એક બીજાને અફીણનો કસુંબો કાહાડીને પાયછે ને પોતે પીએછે. આ ચાલ ઉપલા વર્ગના કુળવાનમાંથી તે છેક મધ્યમ પંકતીના લોકો સુધી પેશી ગયો છે તેથી ઘણુંજ નુકશાનછે. વળી વિવાહમાં વેહેવાઇને ઘેર માણસો લઈ જવાની પેઠણ કરે છે પછીથી તેઓ પેઠણ કરતાં વધારે માણસો લઈ જાયછે, તેથી છેલીવારે વેહેવાઈ સાથે કજેશ થાયછે. પણ આખર એક બીજાનાં લટીયાં ગુથાયાં તેથી કજેશ વધારે ટકતો નથી પણ આ રીત ઘણીજ ખોટી છે. કેટલાએક તો ઘેર ટાણું આવ્યું કે પૈસો ન હોય તો ઘર, ખેતર, કે બાયડીનું ઘરેણું, અગર દોકડા બાજના કહાડીને બીજાના કરતાં સારૂ ખરચ કરવાને લગાર પણ પાછા ફરતા નથી, તેઓ વગર પૈસે દેવું કરીને મન કલ્પીત મોટાઈ મેળવવા સારૂ પોતે તથા પોતાની પ્રજાને દુઃખના દરીઆમાં નાખવાને જરા પણ ડરતા નથી. આપણી પાસે પૈસા હોય તો આપણી ગ્નાતીને જમાડવી એ કામ ઘણું સારૂછે. પણ ઘરમાં છોકરાં બાયડીને અન્ન વસ્ત્રના તો વાંધા હોય ને દેવું કરીને વરા કરવા, આથી પાછળ પોતાની કેવી અવસ્થા થશે તેનો વિચાર રાખતા નથી. આપણો ધર્મ છે કે પોતાના કુટુંબનું પોષણ કરતાં વધે તો પછી સ્વગ્નાતિમાં નાત વરા તથા લાહાણાં કરવાં.

જે ગરીબ લોકો દેવું કરીને નાત વરો કરેછે, તેનું બીજું કારણ એછે જે પોતે ગરીબ છે એવું લોકો ન જાણે એમ તેના મનમાં હોયછે; તે સારૂ તણાઇને કેટલાક નાત વરા કરેછે. બીજા કેટલાક લોકોને લોકો મેહેણાં દેછે તેથી તેઓ બળી મરેછે. પણ વિચાર કરતાં નથી કે ભુશકો મારીશું તો આપણનેજ વાગશે. માટે મેહેણાથી આપણું કદ ઓછું થતું નથી તેમજ કદાપી આપણને રાજા કહે તોપણ આપણને હાથી બેસવા કદાપી મળવાનો નથી તેમજ કદાપી ફકીર કેહેતો આપણું ઘર મશીત થઈ જવાનું નથી. એવો જો આપણે વિચાર કરીશું તો આપણને સુખ થશે. ને જે સારાં માણસો છે તે તો બીજાને મેહેણાં દેતા નથી ને જે નઠારા છે તે તો ગમે તેમ બાંગ પોકાની પેઠે બકે તેને માટે આપણે દુઃખ માનવું એ મૂર્ખપણુંછે.

૧૦ અફીણ બભીચારે ને નાતની પટલાઈ એ ત્રણમાંથી એકાદ છંદ જે માણસને લાગ્યો તેનો જન્મ તો દુઃખમાંજ જવાનો; અફીણથી શરીર ખરાબ થાય, વ્યભીચારથી કીરતી નાશ પામે, ને નાતની પટલાઈ કરવાથી જે ખરાબી થાયછે તેનો અનુભવ તો સર્વને છે.

કોઈ માણસ સાથે વૈર ન કરતાં બધાઓ સાથે સંપ રાખવો. કદાપી કોઈ માણસ સાથે વૈર થાય તો તેની નિંદા કરીને, કે તેનું બીગાડીને સંતોષ પામવો નહિ. પણ શત્રૂનો પરાજય કરવાનો સૌથી ખરો ઉપાય એછે જે આપણે ઉદ્યોગી થઇને શત્રુ કરતાં સારો વૈભવ મેળવી આપણો ઉત્કર્ષ શત્રુઓને દેખાડવો, તથા તેનું પાલણ પોષણ આપણેજ હાથે થાય એવું પરાક્રમ કરવું કે તે શત્રુ શરમિંદ થઈ આપણી આગળ બોલી શકશે નહિ, ને લોકમાં પણ સારી કીરતી મળશે, ને તે શત્રુઓને લોકોજ કેહેશે કે તમોએતો એનું બગાડ્યું પણ એને ધન્ય છે જે તમારૂં એણે સારૂ કર્યું. એ શીક્ષા કંઈ ઓછી ના સમજવી.

૧૧ કેટલાક લોકો એમ સમજેછે જે કુળવાનને કન્યા આપવાથી પુન્યછે પણ એમ નથી. જો ખરૂં કન્યાદાનનું પુન્ય કરવું હોય તો જેને કન્યા મળતી ના હોય ને તે ઉદ્યોગી ને સુખી હોય તેને જો કન્યા આપીશું તો ઘણુંજ પુન્ય થશે, તેમજ જે માણસ સુખી છે તેને જમાડવાથી પુન્ય થશે કે જેને ખાવા મળતું નથી તેને જમાડવાથી પુન્ય છે? એ સમજુ માણસે વિચાર કરવો. વળી કુળવાન લોકો એમ સમજતા હશે કે આપણા છોકરાની પેહેરામણી ઉપજે છે તેથી આપણે સારા છીએ ને જે લોકો કન્યા વિક્રય કરેછે તે લોકો અધમ છે તો એ વિશે મને એટલો સંદેહ છે કે છોકરો કે છોડી બે આપણી પ્રજા ને આપણાં વીર્ય છે તો તેમાં છોકરો વેચવો એ પણ વીર્ય વિક્રય ને છોકરી વેચવી એ પણ વીર્ય વિક્રય કહેવાય. એમાં ફેર એટલોજ છે કે વિવાહમાં બાયડીઓ ગાણામાં જે ગાળો દે, ને બીજો કોઈ માણસ ગાળો દે, એ બે પ્રકારની ગાળોમાં જેટલો ફેર તેટલોજ ફેર છોકરા છોડીના વીક્રયમાં છે. પણ આપણે એવું માન્યું છે જે વિવાહની ગાળો સારી ને બીજી ગાળો ખોટી, તેમજ છોકરાનાં રૂપૈયા સારા ને છોડીના ખોટા. આ વિશે સુજ્ઞ જનો વિચાર કરશે.

અવદીચ્ય ટોળકિયાનાં તેર પાદર વિગેરે કેટલીક હકીકત જાણવાનો કોઠો.

	અશલ. પાદર	હાલમાં.	અટક.	પ્રવર.	વેદ શાખા.	ગોત્ર	શર્મ	કુળદેવી	ગણપતી	મહાદેવ	ભૈરવ	નદીતટ
૧	બ્રહ્મપુરી	બાંમણોલ	પંડ્યા	૩	યજુર્વેદ.	કશ્યપ	મિત્ર	ઉમયા	વક્રતુંડ	પરાશર	રૂર	વાત્રક
૨	શ્રીસ્થળ	ખંભાત	પંડ્યા	૩	માધ્યંદીની	અત્રી	સોમ	ચામુંડા	ગજકર્ણ	કોટેશ્વર	ચંડ	મહીસાગરસંગમ
૩	કનોજ	કનોજ	વ્યાસ	૫	,,	પૌલસ્ત	સર્વ	ગૌરિ	લંબોદર	નીલકંઠ	અસિતાંગ	મહેશ્વરી
૪	માતર	માતર	ભટ, જાની, શુકલ	૩	,,	શાંડીલ	વિષ્ણુ	આશાપુરી	એકદંત	સિદ્ધેશ્વર	ભીષણ	એઢી
૫	હરેરા	હરેરા	પરોત	૩	,,	કશ્યપ	ભવ	લલિતા	મહોદર	ભીમનાથ	બટુક	એઢી
૬	દેવગ્રામ	ડભાણ	ભટ, પંડયા શુકલ	૩	,,	ભારદ્વાજ	મિત્ર	ક્ષેમકલ્યાણિ	વિઘ્નરાજ	ભુતનાથ	ચંડ	એઢી
૭	આજાપુર	મુમધા	વ્યાસ	૩	,,	કશ્યપ	વસુ	અંબિકા	મહોદર	અચલેશ્વર	ક્રોધ	એઢી
૮	એડા	એડા	વ્યાસ પંડ્યા	૩	,,	કશ્યપ	દત્ત	મહાલક્ષ્મી	ઢુંઢીરાજ	સોમનાથ	ઉન્મત્ત	વાત્રક
૯	આશાવલ્લિ	અશાવલ	વ્યાસ	૩	,,	ભરદ્વાજ	ભવ	ભદ્રકાળી	વિઘ્નરાજ	રામનાથ	કપાળી	સાભ્રમતી
૧૦	ભરકુંડ	ભરકુંડ	વ્યાસ	૩	,,	આંગીરસ	દત્ત	ચંડી	મહોદર	વૈજનાથ	માર્તંડ	વાત્રક
૧૧	સુમાર	શીશવા	પંડયા	૩	,,	વસિષ્ટ	વિશ્વ	દુર્ગા	એકદંત	સાયણેશ્વર	સંહાર	મહી
૧૨	આંકલાવ	આંકલાવ	ભટ	૩	,,	કશ્યપ	ભીમ	અન્નપૂર્ણા	ગજકર્ણ	અચલેશ્વર	કાળ	મહી
૧૩	રગુણજ	રેગુણજ	જોશી	૩					વિઘ્નરાજ	ધુર્જટેશ્વર	ચંડ	મહી